# અંબાજી શકિતપીઠ ખાતે દર્શન આરતીનો સમય બદલાયો

અંબાજી, તા.૨૯

યાત્રાધામ અંબાજી ખાતે સુર્યોદય અને સૂર્યાસ્ત ના સમયમાં ફેરફાર થતા અંબાજી મંદિરમાં આવતા યાત્રીકોની સગવડતા ખાતર નીજ મંદિરના દર્શન આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે એટલું જ નહી અંબાજી મંદિરમાં સવાર સાંજ બે સમયે થતી આરતી હવે ત્રણ સમય કરવામાં આવશે. જેમાં બપોરની આરતી વધારાની કરવામાં આવશે. માનવામાં આવે છે કે હાલની કાળ ઝાળ ગરમીમાં માતાજીને દિવસ દરમ્યાન ત્રણ સમય કપડા ને શણગાર બદલાતા હોવાથી આરતી ત્રણ સમય કરવામાં આવશે. એટલું જ નહી માતાજીના સન્મુખ ધરાવવામાં આવતો અન્નકુટ પણ આ બે માસ દરમ્યાન અષાઢી બીજ સુધી ધરાવવામાં આવશે નહી.

સવારે આરતી ૭.૦૦ થી ૭.૩૦
સવારે દર્શન ૭.૩૦ થી ૧૦.૪૫
બપોરે આરતી ૧૨.૩૦ થી ૧.૦૦
બપોરે દર્શન ૧.૦૦ થી ૪.૩૦
સાંજે આરતી ૭.૦૦ થી ૭.૩૦ સુધી અને
સાંજે દર્શન ૭.૩૦ થી રાત્રી ના ૯.૧૫ સુધી ખુલ્લા રહેશે.



## કાંકરેજ તાલુકાના માંડલા ગામથી પસાર થતી નર્મદા કેનાલમાં બે યુવકોના મોત

કાંકરેજ તાલુકાના માંડલા ગામેથી પસાર થતી નર્મદાની બ્રાન્ચ કેનાલમાં આજ રોજ વરસડા ગામના એથાજી સોભાજી ઠાકોર (ઉ.વ. ૨૦) અને રઘુજી વાઘાજી ઠાકોર (ઉ.વ. ૨૨) પોતાની ફોઈના ઘરે લગ્ન હોવાથી આવેલ હતા. જે આજ રોજ બપોરના ૧૧.૩૦ વાગ્યાના સુમારે રાધનપુર બ્રાન્ચ કેનાલ જે માંડલા ગામેથી પસાર થાય છે. ત્યાં આગળ આ બંને યુવકો હાથ પગ ધોવા ગયેલ તે દરમિયાન આ બંને યુવકોનો પગ લપસી જવાથી કેનાલના પાણીમાં ડુબી જવા પામ્યા હતા. જેમને સ્થાનિક તરવૈયાની મદદથી કેનાલમાંથી બહાર કાઢી થરા રેફરલ ખાતે પ્રાઈવેટ વાહનમાં પી.એ. માટે લાવવામાં આવ્યા હતા અને આ બાબતે થરા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બંને યુવકોનું ઓચિંતુ મોત થતાં પરિવારજનો પર આભ તૂટી પડયું હતું.

# ૨૭ જેટલા આર.એફ.ઓ.ને એ.સી.એફ. તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના વન વિભાગના ૨૭ જેટલા આર.ઓફ.ઓ. કક્ષાના અધિકારીઓને એ.સી.એફ. તરીકે બઢતી આપતા હૂકમો રાજ્ય સરકારે કર્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| સી.પી. રાણપરીયા | આર.એફ.ઓ. અંજાર | એ.સી.એફ.ધારી-ગીર |
| ડી.પી. વાઘેલા | આર.એફ.ઓ. વેળાવદર રેન્જ | એ.સી.એફ.જામવાલા ગીર |
| એમ.બી. પટેલ | આર.એફ.ઓ. નખત્રાણા રેન્જ | એ.સી.એફ. કચ્છ ડીવીઝન |
| જે.બી. પટેલ | આર.એફ.ઓ. રેન્જ ગાંધીનગર | એ.સી.એફ. સામાજીક વનીકરણ સર્કલ મહેસાણા |
| સી.બી. ધનડીયા | આર.એફ.ઓ. વાઈલ્ડલાઈફ વીંગ, ગાંધીનગર | એ.સી.એફ. ઉત્તર ગુજરાત, ગાંધીનગર |
| એમ.એમ. ટાંક | આર.એફ.ઓ. સામાજીક ફોરેસ્ટરી, કચ્છ | એ.સી.એફ. સામાજીક વનીકરણ, કચ્છ |
| આર.બી. પટેલ | આર.એફ.ઓ., ડેડીયાપાડા રેન્જ | એ.સી.એફ. વાઈલ્ડલાઈફ ડીવીઝન, વડોદરા |
| પી.બી. દવે | આર.એફ.ઓ., નળસરોવર | એ.સી.એફ. ઘુડખર અભ્યારણ્ય, ધ્રાંગધ્રા |
| કે.એસ. ઉપાધ્યાય | આર.એફ.ઓ., દસક્રોઈ રેન્જ | એ.સી.એફ. બોટાદ ડીવીઝન |
| આર.એલ. જલંધર | આર.એફ.ઓ. વાઈલ્ડલાઈફ રેન્જ, ઈકબાલગઢ | એ.સી.એફ. વેરાવળ |
| એમ.એચ. ત્રિવેદી | આર.એફ.ઓ., બેરડો, નખત્રાણા | એ.સી.એફ. વેરાવદળ |
| એમ.સી. સોલંકી | આર.એફ.ઓ., મહીસાગર ડીવી. | એ.સી.એફ. મહીસાગર |
| આઈ.વાય.ટોળીયા | આર.એફ.ઓ., વ્યારા ડીવીઝન | એ.સી.એફ. ડાંગ |
| બી.આર. સોલંકી | આર.એફ.ઓ., ગાંધીનગર | એ.સી.એફ. રીચર્સ ડીવીઝન, ગાંધીનગર |
| જી.જે. ફોફ | આર.એફ.ઓ., આંતરસુબા રેન્જ | એ.સી.એફ. ટ્રેનીંગ ડીવીઝન, ગાંધીનગર |
| એન.એમ. પંડ્યા | આર.એફ.ઓ., માંડવી | એ.સી.એફ., નેત્રંગ નર્મદા |
| જે.એમ. મેનાગર | આર.એફ.ઓ., કવાંટ રેન્જ, છોટાઉદેપુર | એ.સી.એફ. સામાજીક વનીકરણ, ભરૂચ |
| એમ.એસ. કટારા | આર.એફ.ઓ., સુરેન્દ્રનગર | એ.સી.એફ., સામાજીક વનીકણ ડીવીઝન, સુરત |
| વી.એ. રાઠોડ | આર.એફ.ઓ., વેરાવદળ | એ.સી.એફ., ભાવનગર |
| આર.ડી. જાડેજા | આર.એફ.ઓ., ખેરવાડા રેન્જ | એ.સી.એફ., ગોધરા |
| એ.જે. સીંધી | આર.એફ.ઓ., અમીરગઢ | એ.સી.એફ., હિંમતનગર |
| એન.એસ. પટેલ | આર.એફ.ઓ. સામાજીક વનીકરણ, ધંધુકા | એ.સી.એફ. સામાજીક વનીકરણ, નડીયાદ |
| બી.કે. ખટાણા | આર.એફ.ઓ., સરાગુ ભુજ | એ.સી.એફ., જૂનાગઢ |
| એસ.ટી. કોટડીયા | આર.એફ.ઓ., જુનાગઢ | એ.સી.એફ., રાજકોટ |
| જે.ડી. ગોજીયા | આર.એફ.ઓ., ધ્રોલ | એ.સી.એફ., સા.વ.ડીવીઝન, અમરેલી |
| એસ.આર. ઠાકર | આર.એફ.ઓ., કચ્છ | એ.સી.એફ., કચ્છ-૨ |
| ટી.એન. ચૌધરી | આર.એફ.ઓ., વ્યારા | એ.સી.એફ., ડાંગ |
| આર.એલ. ડામોર | આર.એફ.ઓ., સાબરકાંઠા | એ.સી.એફ., સામાજીક વનીકરણ, નવસારી |






ભિલોડા તાલુકાના નારણપુર ગામના નવી વસવાટ વિસ્તારમાં ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ ધ્વારા સાતમો સમુહલગ્નોત્સવ શનીવારના રોજ યોજાયો હતો. ૬૦ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડ્યા હતા. આ પ્રસંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ અલ્પેશજી ઠાકોરએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ઠાકોર સમાજ વ્યસન મુક્ત બને, શિક્ષીત બને, સક્ષમ બને, સંગઠીત બને, ઠાકોર સમાજ એક તાંતણે બંધાય, ધર્મને જાળવી રાખવો, સ્ત્રીઓ વિશેનું મહત્વ સમજાવ્યું હતું. જ્યાં ધર્મ હશે ત્યાં શિક્ષણ હશે અને વ્યસન મુક્તિ પણ હશે ત્યારે જ સમાજ આગળ આવશે તેમ જણાવ્યું હતું. રાજકીય લોકોના હાથા ન બનવા અનુરોધ કરાયો હતો. ગાયત્રી પરીવારને વંદન કર્યા હતા. નવયુગલ દંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના પોયડાના યુવાને દવા પી લેતાં સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોયડા ખાતે રહેતા યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી દેતા યુવાનનું હિંમતનગર સિવિલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

## અમદાવાદ રામદેવનગર ખાતે સદવિચાર કેમ્સમાં સમર કેમ્પ યોજાયો

ચિલોડા, તા.૨૯

અમદાવાદ સ્થિત સદવિચાર કેમ્પસમાં બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પી.એલ.વી. જયરામભઈ સોનીએ હાજર રહી બાળકને જ્ઞાન સાથે ગમ્મત, રમત, વાર્તા કહીને પ્રોબ્લેમ સોલ્વીંગ સ્કીલ શીખવી હતી. ટાઈમ મેનેજમેન્ટ, કોમ્યુનીકેશન, લીસનીંગ સ્કીલનો જીવન વિકાસ માટે ઉપયોગ કરવા અને પ્રગતિ સાધવા પ્રેરણા પુરી પાડી હતી.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

● ૪ પાનાનું ચાલુ...

વળગતાએ વખાણ કરી નાખ્યા એનાથી આપણને આવી નીચલા સ્તરની, કોઈને અપમાનિત કરવાની ભાષા વાપરવાનો પરવાનો નથી મળી જતો. સાહિત્ય સર્જન એ કોઈ અખબારનું કૉલમ લેખન નથી. એના માટે તપવું પડે છે. ઘડાવું પડે છે. વર્ષો સુધી તપસ્યા કરવી પડે છે. પછી લખાય છે. બાકી સામાન્ય લોકોની વાહ વાહ તો સરકસનું વાંદરું પણ કુદાકુદ કરીને મેળવી જાય છે પણ એ કલા નથી. સાહિત્ય પરિષદ કે સાહિત્ય અકાદમી કંઈ કરતી નથી. કે લોકોથી વિમુખ થઈ ગઈ છે આવું વિધાન કરતા પહેલા આ બન્ને સંસ્થાની પ્રવૃતિઓનું જ્ઞાન આપણે મળવવું જોઈએ. કોઈએ કહ્યું ને આપણે માની લીધું અને લેખ લખી નાખ્યો એ પત્રકારત્વ નથી. ગુજરાતી ભાષાને બચાવવા માટે ''ક્રિએટીવ આઈડિયા'' ક્યા છે ? સાહિત્યકારો છેલ્લા ૨૦ વર્ષથી જુના જ આઈડિયા આપે છે તો આપણે પણ નવા અને ક્રિએટીવ આઈડિયા આપી શકીએ છીએ. લેખ લખી શકીએ છીએ. અને પછી ખ્યાલ આવે કે આપણા આઈડિયા સરકાર સ્વીકારે છે કે સાહિત્યકારોના ? સાહિત્યકારો માટે અયોગ્ય શબ્દોના પ્રયોગ કરીને ચર્ચામાં રહેવાની કે બે ચાર સર્જક વિવેચક મિત્રોની વાહ વાહ લૂંટ્યાનો આનંદ ચોક્કસ મળ્યો હશે. વળી સૌ સાહિત્યકાર માટે 'ક્રિએટીવ સર્જનની સ્પર્ધા – સર્જન મર્દોનો ખેલ – કેટલા મર્દ નીકળે ?'આવી ઉશ્કેરાટવાળી ભાષાથી સાહિત્યનું સ્તર નીચું ઉતરે છે કે અખબારનું કે લખનારનું ? એ તો વાંચકો સૌ જાણે જ છે.

સાહિત્ય પરિષદ કે સાહિત્ય અકાદમીની ટીકા કરવી સહેલી છે. વરિષ્ઠ સાહિત્યકારોના મૌનને કાયરતા માનીને ઘણા વાંદરાઓ જંગલના રાજા બનવા નીકળી પડતા હોય છે પણ એ ક્યારેય રાજા બની શકતા નથી. વર્ષો સુધીના મૌન પછીથી જન્મતો શબ્દ કે કૃતિ ચિરંજીવ હોય છે. કેમ કે તેઓ એક એક શબ્દની કિંમત સમજતા હોય છે. ગુજરાતી ભાષા કંઈ બેગમ જાન નથી કે ગમે તે આવીને એને સંભોગી જાય. ગુજરાતી ભાષા અને સાહિત્ય તો મા સરસ્વતીનું મંદિર છે.

શ્રી કાનાભાઈએ બીજા લેખને અંતે એક વાત સરસ કહી છે. 'બહું સેવા કરી સાહિત્યની, હવે તો જંપો ? નવી હવા આવવા દો, નવા સર્જકોને આવવા દો, એમને આવકારો આપો, કમાન સોંપો, નવું કરવાનો મોકો નવી પેઢીને આપો, સાહિત્યકારો નિવૃત શા માટે નથી થતા હોતા ?'આ પણ એક સત્ય છે. અહીં સાહિત્ય જગતમાં પણ અપવાદ બાદ કરતા મોટી માછલી હંમેશાં નાની માછલીને ગળે છે. સાહિત્ય પરિષદના અત્યાર સુધીના પ્રમુખોની યાદી જોઈશું તો ખ્યાલ આવશે કે મોટી ઉંમરના જ મોટાભાગના પ્રમુખો થયા છે. કેમ કોઈ ૪૦ વર્ષની આસપાસના સર્જક પ્રમુખ ના બની શકે? યુવા ટીમને સુકાન કેમ નથી સોંપાતું ?

આજે મોટાભાગના બીજા કોઈને સાહિત્યકાર તરીકે, કવિ તરીકે, વિવેચક તરીકે સ્વીકારવા તૈયાર નથી. સૌ કોઈને પોતાનું જ સાહિત્ય મૂલ્યવાન લાગે છે. આને કારણે કોણ જાણે કેટલીયે ઉગતી નવી કલમો કરમાઈ જતી હશે ?

આમ આજે ગુજરાતી સાહિત્ય ચર્ચાની એરણ પર છે. નાના સર્જકો મોટા થવા ઈચ્છે છે. મોટા છે તે મહાન થવા મથે છે. આ બધાની વચ્ચે બે શ્રેષ્ઠ સાહિત્યિક સંસ્થાઓ પીસાય છે. સાહિત્યકારોના બે ભાગ પડી ગયા હોય એવું વાતાવરણ બની ગયું છે. અખબારોમાં કૉલમો લખીને કુદાકુદ કરતા... સાહિત્ય સેવાની મોટી મોટી વાતો કરે છે. જેમના જન્મ પહેલાથી જ કાર્યરત સંસ્થાઓને જોયા, જાણ્યા સમજ્યા વિના ગમે તેમ લખી કલમદ્રોહ કરે ત્યારે માત્ર એટલુ જ કહેવું ઉચિત રહેશે કે 'હે ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે?'

## ત્રિપલ તલાક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બુદ્ધિજીવી લોકો આગળ આવશે અને મુસ્લિમ સમાજની પુત્રીઓની સાથે જે અત્યાચાર થઈ રહ્યા છે તેને દુર કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરશે. મુસ્લિમ સમાજની પુત્રીઓને રાહત અપાવવા માટે કામ કરશે. તેમના આ પગલાથી તેઓ દુનિયાભરના મુસ્લિમ સમાજના લોકોને એક યોગ્ય માર્ગ દર્શાવશે. ૧૫ સમાજ સુધારક બસેશ્વરની જન્મ જયંતિ પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં સંબોધિત કરતા મોદીએ આશા વ્યક્ત કરી હતી કે ભારતના મુસ્લિમ લોકો દુનિયાભરમાં પોતાના સમકક્ષોને આધુનિકતાનો માર્ગ બતાવશે. તેમણે ઉમેર્યું હતું કે હાલના દિવસોમાં ત્રિપલ તલાકના મુદ્દા પર ખૂબ ચર્ચા ચાલી રહી છે. ભારતની મહાન પરંપરાને ધ્યાનમાં લઈને તેમના મનમાં પણ એવી આશા છે કે દેશમાં પ્રભાવશાળી લોકો આ વ્યવસ્થાને ખતમ કરવાની દિશામાં આગળ આવશે અને આધુનિક વ્યવસ્થા વિકસિત કરશે. ૪૦ મિનિટના સંબોધનમાં વડાપ્રધાને મહિલા સશક્તિકરણ, સમાનતા અને સુશાસનના મુદ્દા ઉપર વિસ્તાપૂર્વક વાત કરી હતી. ત્રિપલ તલાકના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે આ અમારા દેશની માટીની તાકત છે. મુસ્લિમ સમુદાયના લોકો આ તકલીફમાંથી પોતાની માતાઓ અને બહેનોને બચાવી શકે છે. વડાપ્રધાનને કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને કહ્યું હતું કે તેઓ સમુદાયના લોકોને અપીલ કરવા માંગે છે કે આ મુદ્દાને રાજકીય રંગ આપવાના પ્રયાસ ન કરવામાં આવે. ત્રિપલ તલાકને રાજકીય રંગ આપવાથી કોઈ ફાયદો થશે નહીં. મોદીએ કહ્યું હતું કે ભારતના ઈતિહાસ માત્ર હાર, ગુલામી, ગરીબી ઉપરાંત અન્ય પારસ્પરીક લડાઈનો નથી. ભારતે સત્યાગ્રહ, ગુડ ગવર્નન્સના સંદેશા દુનિયાના દેશોને આપ્યા છે.

## વિરોધાભાસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. હાલત ખુબ ગંભીર બન્યા બાદ તે હાલ વેન્ટીલેટર પર છે. મિડિયા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તેની સ્થિતી ખુબ ગંભીર છે. તે હાલ કરાચીમાં હોસ્પિટલમાં દાખલ છે. કેટલાક મિડિયા હેવાલમાં તો દાઉદના મોત અંગે અહેવાલ આવ્યા બાદ દાઉદ ઈબ્રાહિમના સાથી છોટા શકીલે દાઉદના મોતના અહેવાલને રદિયો આપતા કહ્યુ હતુ કે આ હેવાલ પાયાવગરના છે. દાઉદ બિલકુલ સ્વસ્થ છે. મોતના હેવાલ વચ્ચે છોટા શકીલે હચમચી ઉઠ્યા બાદ આ અંગે ખુલાસો કર્યો હતો. કેટલાક પાકિસ્તાની મિડિયામાં પણ કહેવામાં આવ્યુ છે કે દાઉદ ગંભીર છે. તેના પર અટેક થયો છે. પાકિસ્તાની મિડિયામાં એવા અહેવાલ આવ્યા હતા કે દાઉદને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેને પેરાલિટિક અટેક થયો હતો. તબીબી ચકાસણી કરવામાં આવ્યા બાદ બ્રેઈન ટ્યુમર મળ્યા બાદ તરત જ બ્રેઈન સર્જરી કરવામાં આવી હતી. ત્યારબાદથી તે વેન્ટીલેટર પર છે. આ અગાઉ પણ વારંવાર અહેવાલ આવતા રહ્યા છે કે દાઉદ કેટલીક બિમારીથી ગ્રસ્ત છે. બીજી બાજુ દાઉદની તબિયતને લઈને ભારતની ગુપ્તતર સંસ્થાઓ પણ સક્રિય થઈ ગઈ છે. સ્થિતી પર ચાંપતી નજર રાખી રહી છે.

કેટલાક મિડિયા હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે થોડાક સમય પહેલા તેના પર બ્રેઈન ટ્યુમરનુ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. જે સફળ રહ્યુ ન હતુ. જેના કારણે તેના શરીરના એકબાજુના હિસ્સા કોઈ કામ કરી શકતા નથી. દાઉદને લઈને ભારતે પાકિસ્તાનને કેટલીક વખત ડોઝિયર સ,ોંપી દીધા છે. ભારત સરકાર દ્વારા ડે ડોઝિયર સોંપી દેવામાં આવ્યા છે તેમાં તેના સરનામાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનની હમેંશા દલીલ રહી છે કે દાઉદ પાકિસ્તાનમાં છુપાયો નથી. દાઉદના મામલે કેટલાક બાબતો હજુ ખુલ્લી જાહેર કરાઈ નથી. દાઉદને હાલમાં કરાચીના કમ્બાઈન્ડ મિલિટરી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. તેના પર ફરી બ્રેઈન સર્જરી કરવામાં આવી છે. ૨૨મી એપ્રિલના દિવસે તેના પર બ્રેઈન ટ્યુમરનુ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. દાઉદ છેલ્લે ૧૯મી એપ્રિલના દિવસે દેખાયો હતો.

બિન સત્તાવાર હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે દાઉદ છેલ્લી શ્વાસ ગણી રહ્યો છે. કેટલાક હેવાલમાં તો કહેવામાં આવ્યુ છે કે તેનુ લગભગ મોત થઈ ગયુ છે. ભારતમાં કેટલાક હુમલામાં તેનો હાથ રહ્યો છે. મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાનમાં તે છેલ્લા કેટલાક સમયથી આઈએસઆઈ અને ત્યાંની સેનીની દેખરેખ હેઠળ રહ્યો છે. ત્યાંથી તે જ તે અપરાધિક ગતિવિધીને અંજામ આપી રહ્યો છે. અમેરિકાએ તેને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કર્યો હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે પાકિસ્તાનના પૂર્વ સ્ટાર ખેલાડી જાવેદ મિયાદાદના સંબંધી તરીકે દાઉદ છે. દાઉદની પુત્રી માહરૂખ સાથે મિયાદાદના પુત્રના લગ્ન થયા હતા. લગ્ન પાર્ટીમાં તામામ લોકો પહોંચ્યા હતા.

## આંતરિક માર્ગો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ગત વાઈબ્રન્ટ દરમિયાન માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ વાઈબ્રન્ટના અંતે લાંબા સમય બાદ પણ સેકટરોના માર્ગોની દશા સુધારવા માટેની દરખાસ્ત ધુળ ખાય છે. તંત્ર દ્વારા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ દરખાસ્તને મંજુરી ન અપાતા માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોના આંતરિક માર્ગો સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બન્યા છે. સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બનતા સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઈ છે. જયારે મગરની પીઠ સમાન માર્ગો પર કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવતા ભયજનક સ્થિતિ સર્જાઈ છે. નવા સેકટરોમાં માર્ગોની દશા સદંતર ખરાબ હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોમાં પ્રબળ બન્યો છે. જયારે જુના સેકટરોમાં પણ માર્ગોની દશા સુધારવા કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. તંત્ર દ્વારા માર્ગ સુધારણા માટે વિભાગને બે મહીના અગાઉ પણ દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં જુના અને નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે અંદાજિત રૂ ૨૩ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન દર્શાવાયુ છે. પરંતુ તંત્ર દ્વારા આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. જેના લીધે લાંબા સમયથી માર્ગોની સુધારણાંનુ કામ અટવાયુ છે. જો કે હવે માર્ગ સુધારણાની કામગીરી આગામી ચોમાસા બાદ જ હાથ ધરાશે. દરખાસ્તને મંજુરી અપાયા બાદ પણ વહીવટી પ્રક્રીયા પુર્ણ થતા વરસાદી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરીને વિરામ આપી દેવાતા ચાર મહીના બાદ જ માર્ગોનુ કામ હાથ ધરાશે તેમ મનાઈ રહયુ છે.

## ટૂંકી મુદતની નિવિદા

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨ની કચેરીમાં રોજબરોજના ઝેરોક્ષનું કામ તા. ૧-૭-૨૦૧૭ થી તા. ૩૦-૬-૨૦૧૭ સુધી એક વર્ષ માટે કરાવવાનો ઈજારો આપવા માટે ઝેરોક્ષની કામગીરી અમારી કચેરીમાં મશીન મૂકી પોતાના કર્મચારી પાસે કરી આપવાની રસધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

| અનુ. | વિગત | નકલ | નકલનો ભાવ |
|---|---|---|---|
| ૧. | સાદી ઝેરોક્ષ કોપી સીંગલ સાઈડ | (૧) એક | |
| ૨. | સાદી ઝેરોક્ષ કોપી ડબલ સાઈડ | (૧) એક | |
| ૩. | જમ્બો ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૪. | મલ્ટી કલર ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૫. | સ્પાયરલ બાઈન્ડીંગ કલરીંગ ટાઈટલ પેજ સાથે | (૧) એક બુક ૧૦૦ પેજ | |
| | | (૨) એક બુક ૫૦ પેજ | |
| ૬. | લેમીનેશન | એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનેશન | |

ઝેરોક્ષની કામગીરી કચેરીમાં મશીન મૂકી પોતાના કર્મચારી પાસે કરી આપવાની રહેશે.

ઉપરોક્ત મુજબના ભાવો તા. ૧૦-૫-૨૦૧૭ સુધીમાં નીચે સહી કરનારને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે. વર્ક ઓર્ડર મેળવનાર એજન્સીએ રૂ. ૨૫૦૦૦/-ની સિક્યુરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.

સીલબંધ કવર ઉપર ઝેરોક્ષ અંગેના ભાવો તેવું સ્પષ્ટ લાલ અક્ષરથી લખવાનું રહેશે.

મુદત વિત્યા બાદ આવેલ ભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિં.

આ ટૂંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાંથી ગમે તે ઓફર મંજુર કરવા કે નામંજુર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારની રહેશે.

સહી/-
નાયબ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૬૫/૧૭-૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૯૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in